આપી દીધા પછી પાછું મેળવવાની આશા ન રાખવાથી આપવાની કિંમત વધી જાય છે
- ભૂપત વડોદરિયા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૫ | ૮ નવેમ્બર, ૨૦૧૪, શનિવાર ; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજ્ય મંત્રીમંડળ વિસ્તરણના ભણકારા

## વિધાનસભાના ટુંકા સત્ર બાદ તુરત જ મંત્રીમંડળનું વિસ્તરણ અને બોર્ડ-નિગમોમાં નિમણૂંક પણ હાથ ધરાશે : મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આપેલા સંકેતો પછી પાટનગરના રાજકીય માહોલમાં ગરમાવો

ગાંધીનગર, તા. ૭

વિધાનસભાના ટુંકા સત્ર બાદ રાજ્ય મંત્રીમંડળનો વિસ્તાર કરવામાં આવશે તેમજ બોર્ડ-નિગમોની નિમણુંકોનો દોર આરંભાશે તેવા સંકેતો આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આપ્યા છે.

વિધાનસભા ગૃહ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, વિધાનસભાના ટુંકા સત્ર બાદ તુરત જ રાજ્ય મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવશે. વિસ્તરણને લઈ વધુ કંઈ પણ કહેવાનો તેમણે ઈન્કાર કરી દીધો છે.

રાજ્યના વન અને આદિજાતિ વિકાસના મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાનું નામ અધ્યક્ષપદ માટે સૂચવવામાં આવતાં તેમની જગ્યા ખાલી પડશે. આ ઉપરાંત સિનીયર મંત્રીઓ પાસે પણ વધુ કાર્યબોજ છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ મંત્રીમંડળનો વિસ્તાર કરવા માટે પ્રદેશ નેતાઓ સાથે બેઠકનો દોર કરી રહ્યા છે.

તેઓએ મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ પ્રથમવાર તેમના મંત્રીમંડળનો વિસ્તાર કરવા જઈ રહ્યા છે. જો કે તેઓ બધાને સાથે રાખી આ વિસ્તરણની પ્રક્રિયા પૂર્ણ કરવાનું મન બનાવી લીધુ છે.

બીજી તરફ બોર્ડ-નિગમોની નિમણુંકોના મુદ્દે સંગઠન પાંખે તેની કવાયત લગભગ પૂર્ણ કરી દીધી છે. હવે મુખ્યમંત્રીશ્રી સાથે સત્ર બાદ એક બેઠક કરી તે અંગેની ચર્ચા-વિચારણા બાદ નિમણુંકોનો દોર આરંભાશે.

બોર્ડ-નિગમોની નિમણુંકોનો દોર તેમજ મંત્રીમંડળના વિસ્તરણની કામગીરી આ માસના અંત સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે. આ માટેની લગભગ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.



જામફળ - તસવીર જોતા જ મોંમા પાણી આવી જાય એવું ફળ એટલે જામફળ... ખટમીઠો સ્વાદ અને ખૂબ જ સત્વશીલ ફળ શિયાળામાં સૌના માટે ગુણકારી ગણાય છે... બહુ મોંઘુ નહિ, સૌને પોષાય એવું મધ્યમવર્ગીય, સહજતાથી અને સરળતાથી ખરીદી શકે અને ઘરમાં સંતાનોને ખુશ કરી શકે એવું હાથવગું જામફળ આજકાલ ગાંધીનગરના માર્ગો પર ઠેર ઠેર નજરે પડે છે...

# વિધાનસભા અધ્યક્ષપદે ગણપત વસાવા નિશ્ચિત

ગાંધીનગર, તા. ૭

તેરમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ પદ માટે યોજાનારી ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્ર ભરવાના દિવસે માંગરોળ મતક્ષેત્રના ધારાસભ્યશ્રી ગણપતસિંહ વસાવાએ વિધાનસભા સચિવશ્રી સમક્ષ નામાંકન પત્ર ભર્યું હતું.

ઉમેદવારીપત્ર ભરવાની વિધિમાં વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને કોંગ્રેસના વરિષ્ઠ ધારાસભ્યો ઉપસ્થિત રહેતા અધ્યક્ષપદે ગણપત વસાવાની વરણી સર્વાનુમતે થશે.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અધ્યક્ષપદના ઉમેદવાર તરીકે શ્રી ગણપતસિંહ વસાવાના નામની કરેલી દરખાસ્તને વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ અનુમોદન આપ્યું હતું.

શ્રી ગણપતસિંહ વસાવાએ ઉમેદવારીપત્ર ભર્યું તે વેળાએ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, વિધાનસભાના દંડકશ્રી પંકજભાઈ દેસાઈ, શાસક પક્ષ અને પ્રતિપક્ષના ધારાસભ્યો તેમજ ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષશ્રી આર.સી. ફળદુ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી ગણપતસિંહ વસાવાને શુભેચ્છાઓ પાઠવી હતી.

# શહેરને ગંદકી-દબાણમુક્ત બનાવાશે

## ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરો : પૂર્વ મંજૂરી વિનાના બોર્ડ હોર્ડિંગ્સ ઉતારો તેમ જ દબાણો તાત્કાલિક દૂર કરી સ્વચ્છ નગર બનાવવા તંત્રને કલેક્ટરની તાકીદ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરને દબાણમુક્ત અને સ્વચ્છ નગર બનાવવા માટે આજે તંત્રના અધિકારીઓ પર લાલઘુમ થયેલા જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે કડક ચેતવણીઓ સાથે દંડનીય કાર્યવાહી કરવાનો છુટો દોર આપ્યો છે.

શહેરની શોભા હણનારા વિવિધ બોર્ડ-હોર્ડિંગ્સ જે ગેરકાયદેસર હોય અને પૂર્વ મંજૂરી વિના લગાવ્યા હોય તે બધાજ તાત્કાલિક અસરથી દૂર કરવાની પણ કડક તાકીદ જિલ્લા કલેક્ટરે કરી છે.

જિલ્લાના અધિકારીઓ સાથે સ્વચ્છતા અંગે યોજાયેલી બેઠકમાં તેમણે એવી ચીમકી પણ ઉચ્ચારી છે કે પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટર, રેસ્ટોરન્ટની આસપાસ ગંદકી હશે અથવા દબાણ હશે તો લાયસન્સ રદ કરી દુકાનો સીલ કરવા સહિતના પગલાંઓ આગામી દિવસોમાં ભરવામાં આવશે.

શહેરના મુખ્ય માર્ગો નહિ પણ આંતરિક માર્ગો કે સોસાયટીઓમાં ગંદકી સાંખી લેવામાં આવશે નહિ.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી રવિશંકરની અધ્યક્ષતામાં આજરોજ કલેકટર કચેરી ખાતે સ્વચ્છતા અભિયાન અંગેની જિલ્લાના અધિકારીઓની વિશેષ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે પાટનગર ગાંધીનગર શહેરમાં અને સમગ્ર જિલ્લામાં તમામ સ્થળોએ સ્વચ્છતાનું વાતાવરણ નિર્માણ થાય તે બાબત પર ભાર મૂકી, જ્યાં પણ ગંદકી જણાશે ત્યાં ગંદકી કરનારની સામે દંડનીય કાર્યવાહી કરવા સુચના આપી હતી. ગંદકી સામે કડક હાથે, કોઈ જ બાંધછોડ કે સમાધાન વિના કાર્યવાહી કરવા તેમણે જિલ્લા તંત્રના અધિકારીઓને તાકીદ કરી હતી.

શહેરમાં આવેલ પેટ્રોલ પંપ, શોપિંગ સેન્ટર, રેસ્ટોરન્ટ વગેરે આસપાસ ગંદકી હશે, કોઈ -કારના દબાણ હશે તો તેમના લાઈસન્સ રદ કરવા અથવા દુકાનોને સીલ કરવામાં આવશે. પાથરણાવાળા ગેરકાયદે દબાણ કરી, ત્યાં ગંદકી કરતા હશે તો તેમનો સામાન પણ જપ્ત કરવામાં આવશે. વિવિધ ચીજવસ્તુની દુકાનોવાળા, મીઠાઈ-ફરસાણવાળા, નાની દુકાન- ગલ્લાવાળાઓએ પણ સ્વચ્છતા જાળવવી જ પડશે અને જરૂર જણાયે કચરાપેટીઓ મૂકી તેના કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવવી પડશે.

સાથે જ, પેટ્રોલપંપના શૌચાલયો સ્વચ્છ હોય, આસપાસ ગંદકી ન હોય, નજીકમાં લારી-ગલ્લા ઉભા ન રહે તે જોવાની પણ સુચના આપી હતી. રહેણાંક વિસ્તારોમાં, સોસાયટીઓમાં, જાહેર સ્થળો, રસ્તાઓ, સરકારી કચેરીઓ- તમામ વિસ્તારો - સ્થળોએ સ્વચ્છતા જળવાવી જોઈએ. કોઈપણ -કારની ગંદકી હશે તો તે ચલાવી લેવાશે નહિં.

● અનુસંધાન પાન-૭ પર








